ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૬/૨૪-૨૫/ 449. તારીખ : 16 MAY 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ,**
ડાયમંડ પેલેસ, ફ્લેટ નં.૪,
ઉમણીયવદર રોડ, અબ્બાસી બોર્ડીંગની સામે,
મહુવા, જી.ભાવનગર
મો.નં- ૯૫૧૦૧ ૫૧૭૧૭.

કેસ નં.૦૬/૨૪-૨૫

**વિષય : ઘર વપરાશનું કાપી નાખેલ મીટર જોડી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૮/૦૪/૨૦૨૪. અત્રેની કચેરીને મળ્યા તા.૦૮/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૪-૨૫/૩૪૫ તા.૧૬/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૪-૨૫/૩૫૩ તા.૧૮/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૪/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૬/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૫/૦૪/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(૨) શ્રી એસ.બી. વસાણી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા શહેર.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ, મુ.મહુવા ની ઘર વપરાશનું કાપી નાખેલ મીટર જોડી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૬/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૬/૨૪–૨૫/૩૪૫ તા.૧૬/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૫/૦૪/૨૦૨૪** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી એસ.બી. વસાણી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા શહેર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના મહુવા સીટી માં ડાયમંડ પેલેસ, ફલેટ નં.૪, ઉમણીયાવદર રોડ, અબ્બાસી બોર્ડીંગની સામે અમારે સીંગલ ફેઈઝ લાઈટીંગ વીજ કનેકશન ચાલે છે. મારો ધંધો બહારગામનો છે. વીજબીલ અમને સમયસર મળતા નથી. અમારૂ રહેણાક એપાર્ટમેન્ટમાં છે.

૧.૨ મીટર રીડર જયારે પણ બીલ આપવા આવે ત્યારે એપાર્ટમેન્ટમાં પાર્કીંગમાં મીટર હોવાથી બીલ ત્યાં જ છોડીને જતા રહે છે. અમારા વીજ કનેકશનના બીલ બે–ત્રણ ભેગા થવાથી મીટર અને સર્વિસ વાયર ઉતારીને લઈ ગયેલ છે. જેની જાણ થતાં અમો તા.૩૦/૦૩/૨૪ ના રોજ ટાઉન કચેરીમાં ગયેલ.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ અમારૂ મીટર તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ ઉતારીને લઈ ગયેલ છે. અમે ગાંભીભાઈને જણાવેલ કે બાકી રકમના નાણા અમો ભરવા આવેલ છીએ. તો ગાંધીભાઈએ જણાવેલ કે તમારૂ વીજ કનેકશન અમે 'X' માં નાખેલ છે એમણે જણાવેલ કે આ કનેકશન તમને પરત નહી મળે.

૧.૪ કનેકશન કોના કહેવાથી 'X' માં નાખેલ છે. કંપનીનો નિયમ શું છે. કેટલા દિવસમાં કનેકશન ઉતાર્યા પછી 'X' માં નાખવાનું હોય. અમો ત્યાં નાણા ભરવા ગયેલ પરંતુ ગાંધીભાઈ નામના કર્મચારીએ અમારા નાણા સ્વિકારેલ નથી. અમને ૩૪૫ નંબરની નોટીસ પણ આપેલ નથી. અમને રૂબરૂ જણાવેલ કે તમારા બાકી બીલના નાણા મને રોકડા આપો હું તમને કાચી પહોંચ (સાદા કાગળમાં) આપુ અને તા.૧૧/૦૫/૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં આ નાણા હું ભરી આપું, તેથી તમને વ્યાજ માફી મળશે.

૧.૫ આવા અનેક કનેકશન કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર ઉતારી લીધેલ છે. અને એક જ દીવસમાં 'X' માં નાખેલ છે. તમે મને બાકી રહેતી રકમ આપો અને નવા કનેકશનની અરજી ઓનલાઈનમાં કરો, તો તમને નવું કનેકશન મળી જશે. આ સાથે અન્ય ગ્રાહકોની કાચી પહોંચની ઝેરોક્ષ કોપી જોડેલ છે.

૧.૬ ત્યારબાદ અમારા ફોનમાં તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૧૬ વાગ્યે મેસેજ આવેલ કે રૂા.૫૪૭૫.૭૩ તા.૧૫/૦૪/૨૦૨૪ સુધીમાં ભરી આપો. અમે આ નાણા તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના ૭:૪૫ વાગ્યે ઓનલાઈન ભરી આપેલ. પછી અમે તા.૦૫/૦૪/૨૦૨૪ ના રોજ ઓનલાઈન બીલ કઢાવતા તેમાં તા.૦૪/૦૪/૨૦૨૪ થી તા.૧૫/૦૪/૨૦૨૪ સુધીમાં બીલ ભરવાનું લખેલ છે, તમામ કોપી સાથે જોડેલ છે.

૧.૭ આ બીલ ફેબ્રુઆરી–માર્ચ ૨૦૨૪ નું આપેલ છે, તે બીલમાં મીટરના રીડીંગ જોયા વગર '૦' રીડીંગનું બીલ આપેલ છે. તો કયા આધારે બીલ આપેલ છે. મીટર લેબોરેટરીમાં ખોલેલ નથી અને '૦' રીડીંગનું ખોટું બીલ આપેલ છે. તો કયા આધારે બીલ આપેલ છે, કોના કહેવાથી આકારણી કરીને આ બીલ આપેલ છે.

૧.૮ માર્ચ મહીનામાં આવી રીતે કેટલા ગ્રાહકોના મીટર ઉતારીને બીજા જ દિવસે 'X' માં નાખીને કોઈના નાણા લીધેલ નથી. કંપની ધંધો કરવા બેઠી છે. હપ્તે હપ્તે નાણા સ્વીકારી લેવા જોઈએ. અમારા અંદાજ મુજબ વકીલોના પેટ ભરવા માટે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કનેકશન 'X' માં નાખેલ છે. કોના હુકમથી બિનકાયદેસર રીતે મીટર ઉતારીને 'X' માં નાખેલ છે.

૧.૯ અમે અમારા બાકી બીલના નાણા ઓનલાઈનમાં ભરેલ છે. જેટલા જેટલા બેદરકાર અધિકારી અને કર્મચારી છે તેમના ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા વિનંતી. અને બાકી બીલના નાણા ભરેલ છે, તો રી–કનેકશન ચાર્જ લઈ અને ફેબ્રુઆરી માર્ચ નું જે '૦' રીડીંગનું બીલ અમને આપેલ છે, તે રીડીંગ જોઈને તપાસ કરીને બીલ આપવું અને રી–કનેકશન ચાર્જ લઈ અમારૂ વીજ કનેકશન ચાલુ કરવા હુકમ કરવા વિનંતી છે. સાથે આધાર પુરાવા જોડેલ છે. દરેક ગ્રાહકના ૧૦ દિવસની મર્યાદામાં નાણા ન ભરાય તો પોલડીસ કરવામાં કેમ આવતા નથી અને એક સાથે ૩–૪ બીલ ભેગા થાય ત્યાં સુધી રાહ જોઈને કેમ બેસે છે. પોલ ડીસ ન કરવાના કારણે ગ્રાહકોના બીલ વધતા જાય છે. ગ્રાહકોને બીલમમાં હપ્તા કરી આપતા નથી.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારનું નામ–સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ. ગ્રાહક નં.૩૭૧૦૨/૦૭૬૦૧/૦. રીલીઝ તા.૨૮/૧૧/૧૭. કેટેગરી લોડ – RGPU, 1 KW. પી.ડી.સી. તા.૩૦/૩/૨૪.

૨.૨ વાદીશ્રી સમા રીઝવાનભાઈ અલીહુસેનભાઈ ડાયમંડ પેલેસ ફ્લેટ નં.૪, ઉમણીયાવદર રોડ, અબ્બાસી બોર્ડીગની સામે તા.મહુવા, જી.ભાવનગર સ્થળે સીગલ ફેઈઝ લાઈટીગ વીજ કનેકશન હતું.

૨.૩ વાદીશ્રીના સદર વીજ કનેકશનનું લેઝર તપાસતા ઓકટોબર–૨૩ માં તેઓએ વીજબીલના બાકી લેણા લાંબા સમયથી ભરપાઈ કરેલ ન હોવાથી સદર વીજબીલની બાકી રકમ રૂ.૫૮૭૦/– હતી, જેથી મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દવારા સદર વીજ કનેકશન તા.૩૧/૧૦/૨૩ ના રોજ પોલ ડીસ કરેલ અને વાદીશ્રીને આખરી નોટીસ જાવક નં.૩૦૮૭ તા.૧/૧૧/૨૩ ના રોજ આપેલ, જે આ સાથે સામેલ છે.

૨.૪ ત્યારબાદ વાદીશ્રી દવારા તેઓના વીજ બીલના બાકી લેણાની રકમ ડીસેમ્બર–૨૩ માં રૂ.૬૮૭૭/– ની સામે રૂ.૩૦૦૦/– તા.૨૧/૧૨/૨૩ ના રજ ભરપાઈ કરેલ અને રૂ.૩૮૭૭/– બાકી રાખેલ. ત્યારબાદ માર્ચ–૨૪ માં તેઓના વીજબીલના બાકી લેણા રૂ.૫૪૪૬/– બાકી હોવાથી મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દવારા તા.૩૦/૩/૨૪ ના રોજ સ્થળ પરથી મીટર અને સર્વિસ વાયર ઉતારેલ અને સી.આર. નં.૯૦૭૪ થી જમા કરાવેલ અને વીજબીલના બાકી લેણા હોવાથી સદર કનેકશન તા.૩૦/૩/૨૪ ના રોજ 'X' માં નાખેલ છે.

૨.૫ વધુમાં વાદીશ્રીના માહે ફેબ્રુ–માર્ચ–૨૪ ના રીડીગ દરમ્યાન તા.૪/૪/૨૪ ના રોજ સ્થળ પર મીટર ના હોય અને બીલીંગ સીસ્ટમ મુજબ ચાલુ સાયકલમાં 'X' થયેલ હોય, જેથી ૦ યુનિટનું બીલ વાદીશ્રીને આપેલ.

૨.૬ વાદીશ્રી દવારા બાકી વીજબીલના નાણા ભરપાઈ કરેલ ના હોવાથી સદર કનેકશન રદ કરેલ છે અને નવા વીજ કનેકશન માટે તેઓએ ફરી અરજી કરવાની રહેશે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર સમા રીઝવાનભાઈ અલીહુસેન, ગામ–મહુવા દવારા ઘર વપરાશના વીજ કનેકશનના નાણા ભર્યા હોવા છતાં પ્રતિવાદી પીજીવીસીએલ દવારા ડીસ કનેકશન કરવામાં આવતાં, ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૫/૦૪/૨૪ ની રૂબરૂ સુનાવણીમાં વાદી તેમજ પ્રતિવાદી એ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસમાં વાદી દવારા ગ્રાહક નં.૩૭૧૦૨/૦૭૬૦૧/૦ કે જે ઘરવપરાશનું કનેકશન છે, તે માટેની રજુઆત કરેલ છે કે જયાં તેઓ ભોગવટો હોવાનું જણાવેલ છે. પરંતુ જગ્યાની માલીકી હકક કે કબજા અંગેના કોઈ સબંધિત પુરાવાઓ ફોરમને રજુ કરી શકેલ નહી. સદરહુ કનેકશન જો KGN બીલ્ડર્સ ના નામે છે તથા પ્રતિવાદી દવારા કનેકશન કાપવા અંગેની નોટીસ પત્ર વ્યવહાર KGN બીલ્ડર્સ સાથે કર્યા હોવાનું જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ GERC ના સપ્લાય કોડ નં.૦૨/૨૦૧૧ ના કલોઝ નં.૧.૫(ગ) નીચે મુજબ છે.

" ફરિયાદી એટલે (ક) તેના કાયદેસર વારસો કે ઉતરાધિકારીઓ સહીત કોઈપણ ગ્રાહક કે ગ્રાહકો જેનો પરવાનેદાર સામે ફરિયાદ હોય અને તે તેણે સીધે સીધી અથવા તેમના પ્રતિનિધિ મારફત ફરિયાદ દાખલ કરી હોય, (ખ) તત્સમયે અમલમાં હોય તે કાયદા અન્વયે નોંધણી કરાયેલ કોઈપણ સ્વેછીક ગ્રાહક એસોસિએશનના (નો), જ્યાં પરવાનેદાર આવા ગ્રાહકો/સ્વેછીક ગ્રાહક એસોસિએશન (નો) ની ફરિયાદ નોંધે નહિ અથવા નોંધવામાં નિષ્ફળ રહ્યા હોય (ઘ) જેનું વીજળી જોડાણ કાપી નાંખવામાં આવ્યું હોય તેવી કોઇપણ વ્યક્તિ અથવા(મ) વીજળી પુરવઠા માટે નવા જોડાણ માટેનો અરજદાર હોય."

૩.૫ ઉપરોકત સપ્લાય કોડની શરતો મુજબ આ કેસના અરજદાર ગ્રાહકની વ્યાખ્યામાં સમાવિષ્ટ ન હોય, ફોરમને રજુઆત કરવા હકકદાર રહેતા નથી. વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજો માળ, બ્લોક નં-૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
(..............)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :- **૨૫/૦૪/૨૦૨૪.**